# 48

## છોટાઉદેપુર જિલ્લામાં વન વિભાગ દ્વારા રસ્તાઓની મંજૂરી આપવા બાબત

*** 15/04/1951 શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર)**: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા વન વિભાગ હસ્તકની જમીનમાંથી કયા કયા રસ્તાઓ માટે ગામ દીઠ કેટલી જમીન મેળવવા માટે માંગણીઓ કરવામાં આવેલ છે,

(૨) ઉકત માંગણીઓ પૈકી કઈ માંગણીઓ કયા કારણોસર નામંજૂર કરેલ છે, અને

(૩) ઉક્ત માંગણીઓને મંજૂરી આપવાના ધોરણો શાં છે?

**જવાબ**

(૧) માર્ગ અને મકાન વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જીલ્લાના નસવાડી, કવાંટ અને છોટાઉદેપુર તાલુકામાં નીચે મુજબના રસ્તાઓ માટે જમીન મેળવવા માંગણીઓ કરવામાં આવેલ છે.

| અ.નં. | રસ્તાનું નામ | ગામનું નામ | માંગણીનો વિસ્તાર (હે.આર) |
|---|---|---|---|
| ૧ | સાંકળ–આમતા રોડ | સાંકળ પી | ૦.૨૦૬૧ |
| ૨ | સાંકળ–આમતા રોડ | આમતા | ૦.૨૭૦૪ |
| ૩ | સાંકળ–આમતા રોડ | વાડીયા લા | ૦.૧૩૫૦ |
| ૪ | સાંકળ–આમતા રોડ | રણબોર | ૦.૨૯૭૦ |
| ૫ | છોડવાણી–મોટી કઢાઈ રોડ | મોટી કઢાઈ | ૦.૨૪૦૦ |
| ૬ | કુંડા રોડ | કુંડા | ૦.૬૬૨૮ |
| ૭ | હરખોડ રોડ | હરખોડ | ૦.૫૬૦૭ |
| ૮ | ધારસીમેલ રોડ | ધારસીમેલ | ૦.૩૬૦૦ |
| ૯ | વઢવાણ રોડ | વઢવાણ | ૦.૬૭૦૫ |
| ૧૦ | દુણ રોડ | દુણ | ૦.૪૨૯૦ |

(૨) તમામ દરખાસ્તો મંજુર કરવામાં આવેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) વન અધિકાર અધિનિયમ–૨૦૦૬ ની કલમ–૩(૨) હેઠળ માળખાકીય સુવિધા અંતર્ગત મળેલ દરખાસ્તો ગ્રામ સભાનો ઠરાવ થયેથી ૧.૦ હેકટરની મર્યાદામાં અને ૭૫ વૃક્ષો કપાતા હોય ત્યાં સુધી જીલ્લા સ્તરની સમીતી દ્વારા મંજુર કરવામાં આવે છે. તે ઉપરાંતની દરખાસ્તો માટે વન (સંરક્ષણ) ધારા ૧૯૮૦ હેઠળ ભારત સરકારશ્રીની પુર્વ પરવાનગી મેળવવાની થાય છે.

---------------------------------